# અશોક ચાવડાને યુવા ગૌરવ અને દાસી જીવણ એવોર્ડ જાહેર કરાયા

• સિટી રિપોર્ટર અમદાવાદ



ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ડૉ. અશોક ચાવડાને 2012ના વર્ષનો યુવા ગૌરવ પુરસ્કાર એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે આંબેડકર, મહાત્મા ગાંધી, કબીર અને દાસી જીવણ એવોર્ડ પૈકી વર્ષ 2013 માટે 'ડાળખીથી સાવ છૂટાં' કાવ્યસંગ્રહ માટે અશોક ચાવડા બેદિલને દાસી જીવણ એવોર્ડ 1 જાન્યુઆરી 2014ના રોજ અમદાવાદ ખાતે આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ જ કાવ્ય સંગ્રહ માટે સાહિત્ય અકાદમી દિલ્હીએ પણ ડૉ. અશોક ચાવડાને પુરસ્કાર આપેલ છે.